બીડી-કામદારોને ધીખતું કામ રહેતું. તેઓને પણ હવે અઠવાડિયામાં ત્રણ જ દિવસ કામ મળે છે. બીડી વાળવાનો માલ પણ ઓછો કરી દેવાયો છે. આજ લગી રોજની ૧૦૦૦ થી ૧૫૦૦ બીડી બનાવતાં બહેનોને ૫૦૦ બીડી વાળવાનું કામ મળે છે. '૫૦૦ બીડીએ શું થાય ? બાકીનું કામ લાવવું ક્યાંથી ?' બહેનો કકળે છે.

અમદાવાદના બીડી ઠેકેદારોને અમે વરસોથી સારી રીતે ઓળખીએ. તેઓ હમણાંનાં કેમ દેખાતાં નથી ? તો તપાસ કરતાં જણાવ્યું કે ઘણા ઠેકેદારો અને માલિકો હવે ગામડાંમાં રહેવા ગયાં છે અને ત્યાંથી બીડીનું કામ ચલાવે છે. અમદાવાદમાં ૧૦૦૦ બીડીના રૂ. ૩૪ થી રૂ. ૩૬ મળે છે, લઘુતમ વેતનથી લગભગ નજીક. પણ ગામડામાં માલિકોએ તે ભાવ નીચો ગગડાવીને રૂ. ૨૫નો કર્યો છે. પાલનપુર, ડીસા, વિસનગર, ખેરાલુ, વિજાપુર, કાકોસી, છાલા, પ્રાંતિજ, બાયડ, દેગામ જેવાં ગામડાંઓમાં બીડીનું કામ આપે છે. 'એમ કરીને માલિકો અમદાવાદના કારીગરોને શિક્ષા કરે છે, 'જાણે અમે કોઈ ગુનો કર્યો હોય !' બીડી વાળનાર બહેનો કહે છે.

કેટલાંય બહેનો જેમનાં મશીન લૂંટાઈ યા બળી ગયેલાં તેમની પાસે મશીન નથી. સિલાઈ શાના પર કરે ? બારાસાંચાની ચાલી, પન્નાલાલની ચાલી, દરજીની ચાલી, નિરંજનની ચાલી – અહીં હિંદુ-મુસ્લિમ બેઉને બિલકુલ રોજી નથી.